| | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ | | |
| | રજુ તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૪ | ૧૯ |

**સુરેન્દ્રનગરનાં મહે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.**

**ફોજદારી કેસ નંબર : ૩૮૭૭/૨૦૨૫**

**આંક :**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) વિપુલભાઇ છનાભાઇ સારલા,
રહે.સુરેન્દ્રનગર મુળચંદ રોડ માનવ મંદિર સામે,
ચામુડા પરા, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.
(૨) આબીદભાઇ હબીબભાઇ ખલીફા,
રહે.ખેરવાગામ નવો પ્લોટ નાગડકા રોડ,
તા.પાટડી, જી.સુરેન્દ્રનગર.

**ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી),૮૧ મુજબ.**

---

**ફરીયાદી તરફે :: વિ.એ.પી.પી.શ્રી એન.એ.જેથરા**

**આરોપી તરફે :: વિ.વ.શ્રી પી.પી.ગોલાણી**

---

**–//જજમેન્ટ//–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૯/૦૭/૨૦૨૫ ના કલાક ૧૮/૩૦ વાગ્યે સુરેન્દ્રનગર માનવ મંદિર રોડ ચામુંડા પરા આ કામના આરોપી નં.૧ વાળાએ પોતાના કબ્જા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં ગેર કાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની *TAKA TAK STRONG LIQUOR METRO LIQUOR* કંપનીની કાચની ૭૫૦ મીલીની શીલબંધ બોટલ જેના ઉપર *FOR SALE IN HARYANA ONLY* લખેલ ઇંગ્લીશ દારૂ બોટલ નંગ–૧૨, કિં.રૂ.૬૦૦૦/– ના મુદામાલ સાથે રેઇડ દરમ્યાન પકડાઇ જઇ તેમજ આરોપી નં.૨ વાળાએ આરોપી નં.૧ નાને ઇંગ્લીશ દારૂ આપી મદદગારી કરી પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી),૮૧ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ હોવા અંગેની ફરીયાદ ફરીયાદીએ આપતા સદર ફરીયાદ સુરેન્દ્રનગર સીટી બી ડીવીઝન પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૨૧૧૦૫૬૨૫૦૬૨૭/૨૦૨૫ થી ગુનો નોંધેલ અને તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા હાલનુ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ થતા, આ કામના આરોપીઓને અત્રેની કોર્ટ દ્વારા પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ ત્યારબાદ, આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી અને આંક–૦૬ અને ૦૭ થી આરોપીઓના નિવેદન નોંધવામાં આવેલ છે, જેમા તેમણે ગુન્હો કબુલ નહી હોવાનુ નિવેદન આપતા આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) આ કામે આરોપીઓ સામે તહોમત સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | આંક | સાક્ષીઓના નામ. | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૯ | રાજેશભાઈ બાબુલાલ શાહની જુબાની | પંચ |
| ૨ | ૧૧ | દિલાવર હનુભાઈ નાગોરીની જુબાની | પંચ |
| ૩ | ૧૬ | અજયસિંહ અણદાભાઈ ડોડીયાની જુબાની | ફરીયાદી |
| ૪ | ૧૮ | નરેન્દ્રસિંહ લાલજીભાઈ ગોહીલની જુબાની | ત.ક.અ./ ચા.ક.અ. |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચનામું |
| ૨ | ૧૭ | ફરીયાદ |
| ૩ | ૧૯ | પ્રોહીબીશન કલમ ૧૨૦ ઠરાવ |
| ૪ | ૨૦ | લાઈટબીલ |
| ૫ | ૨૧ | ડેપ્યુટ હુકમ |
| ૬ | ૨૨ | રવાનગી પત્રક |

(૪) આ કામે ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, નોંધવામાં આવેલ નથી.

(૫) હાલના કેસમા ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નિચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-//મુદા//-</u>**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૯/૦૭/૨૦૨૫ ના કલાક ૧૮/૩૦ વાગ્યે સુરેન્દ્રનગર માનવ મંદિર રોડ ચામુંડા પરા આ કામના આરોપી નં.૧ વાળાએ પોતાના કબ્જા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં ગેર કાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની *TAKA TAK STRONG LIQUOR METRO LIQUOR* કંપનીની કાચની ૭૫૦ મીલીની શીલબંધ બોટલ જેના ઉપર *FOR SALE IN HARYANA ONLY* લખેલ ઇંગ્લીશ દારૂ બોટલ નંગ-૧૨, કિં.રૂ.૬૦૦૦/- ના મુદામાલ સાથે રેઇડ દરમ્યાન પકડાઇ જઇ તેમજ આરોપી નં.૨ વાળાએ આરોપી નં.૧ નાને ઇંગ્લીશ દારૂ આપી મદદગારી કરી પ્રોહી. એકટ કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

**૧.** નકારમા

**૨.** આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**<u>-:: નિર્ણયો અંગેના કારણો ::-</u>**

**<u>મુદા નં.૧ ::-</u>**

**(૭)** હવે ઉપરોકત તત્વોની સાબીતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે.

(૭.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૦૯ તથા આંક-૧૧ થી પંચને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક-૧૦ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની

કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી. તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્ધારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૭.૨) ફરીયાદપક્ષે આંક–૧૬ થી ફરીયાદી અજયસિંહ અણદાભાઇ ડોડીયાને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સરતપાસમા ફરીયાદને અનુરૂપ જુબાની આપે છે. વધુમા તેઓ આંક–૧૭ થી રજુ ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

બચાવપક્ષની ઉલટ તપાસમા તેઓ એ હકીકતો કબુલે છે કે, કહેવાતો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જ્યાં માણસો તથા વાહનોની સતત અવરજવર ચાલું હોય છે. મે મારી ફરિયાદમાં અમો ક્યા વાહનમાં પટ્રોલીંગમાં હતા આવા કોઈ વાહનનો નંબર કે વર્ણન ફરિયાદમાં લખાવેલ નથી. મારી ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી.

(૭.૩) ફરીયાદપક્ષે આંક–૧૮ થી ત.ક.અ./ચા.ક.અ. નરેન્દ્રસિંહ લાલજીભાઇ ગોહીલને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સરતપાસમા ફરીયાદને અનુરૂપ જુબાની આપે છે તથા તેઓ વધુમા જણાવે છે કે, મને મજકુર ઇસમને સાથે રાખી તેના રહેણાંક મકાનની પ્રોહીબીશન કલમ–૧૨૦ મુજબના ઠરાવની સમજ કરી સહી મેળવેલ. પ્રોહીબીશન કલમ–૧૨૦ મુજબના ઠરાવ જે રજુ કરુ છું જેમાં બે પંચોની સહી તેમજ સાથેના એ.એસ.આઈ. એમ.એમ. ઉતેળીયા

નાઓની સહીઓ છે જે હું ઓળખી બતાવું છું જે આંક–૧૯ થી રજુ છે. મજકુર ઇસમને સાથે રાખી તેના ઘરની ઝડતી તપાસ કરતા અંદરના રૂમમાં લોખંડના બારણા વાળા દિવાલ કબાટમાં એક ખાખી બોક્ષમાં ઇંગ્લીસ દારૂની બોટલો નંગ–૧૨ મળી આવેલ જેથી મજકુર ઇસમ પાસે ઇંગ્લીશ દારૂ પોતાના કબ્જામાં રાખવા અંગે પાસ પરમીટ માંગતા આવી કોઇ પાસ પરમીટ નહી હોવાનું પંચો રૂબરૂ જણાવેલ મજકુર ઇસમના રહેણાંક મકાનમાંથી મળી આવેલ ઇંગ્લીસ દારૂ જોતા ભારતીય બનાવટની *TAKA TAK STRONG LIQUOR METRO LIQUOR* કંપનીની કાચની ૭૫૦ મીલીની શીલબંધ બોટલ જેના ઉપર *FOR SALE IN HARYANA ONLY* લખેલ ઇંગ્લીશ દારૂ બોટલ નંગ–૧૨ મળી આવેલ જે એક નંગની કી.રૂ.૫૦૦/– લેખે બોટલ નંગ–૧૨ ની કી.રૂ.૬૦૦૦/– નો મુદામાલ મળી આવેલ જેમાંથી એક નંગ ઇંગ્લીસ દારૂની બોટલની કી.રૂ.૦૦/– ગણી તેના ઉપર પંચોની સહીઓ મેળવી પો.ઇન્સ. સુ.નગર સીટી બી. ડીવી.પો.સ્ટે. ના હોદાનું લાખ દોરાથી સીલ કરી એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે કબ્જે કરેલ અને મજકુર ઇસમ પાસે તેના રહેણાંક મકાનનું લાઇટ બીલ માંગતા પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ નુ છનાભાઈ રાજાભાઈ સરલાના નામનુ જેનો ગ્રાહક નં.*72607/07363/4* વાળુ લાઇટ બીલ રજુ કરતા લાઇટ બીલ તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૨૦ થી રજુ છે. જે અંગેનું વિગતવારનું પંચનામુ સાથેના એ.એસ.આઇ. એમ.એમ.ઉતેળીયા નાઓએ કલાક ૧૮/૩૦ થી કલાક ૧૯/૦૦ સુધીનું કરી લઇ મજકુર ઇસમને ધોરણસર અટક કરેલ છે. તો મજકુર વિપુલભાઇ છનાભાઈ સારલા જાતે.ચુ.કોળી ઉ.વ.૨૬ ધંધો મજુરી રહે.સુરેન્દ્રનગર મુળચંદ રોડ માનવ મંદિર સામે ચામુંડા પરા તા.વઢવાણ જી.સુ.નગર વાળાએ પોતાના કબ્જા ભોગવટાવાળા રહેણાંક મકાનમાં ગે.કા. પાસ પરમીટ વગર ભારતીય બનાવટની *TAKA TAK STRONG LIQUOR METRO LIQUOR* કંપનીની કાચની ૭૫૦ મીલીની શીલબંધ બોટલ

જેના ઉપર *FOR SALE IN HARYANA ONLY* લખેલ ઇંગ્લીશ દારૂ બોટલ નંગ–૧૨ મળી આવેલ જે એક નંગની કી.રૂ.૫૦૦/– લેખે બોટલ નંગ–૧૨ ની કિં.રૂ.૬૦૦૦/– ના મુદામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોય જેમાંથી ૧ બોટલ વિદેશી દારૂ એફ.એસ.એલ. અર્થે કબ્જે કરેલ. જે અંગેની ફરિયાદ સાથેના પો.કો.એ.એ. ડોડીયા નાઓએ પ્રોહી. કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબ ધોરણસર ફરિયાદ આપેલ. બાદ બી ડિવિ. પો.સ્ટે.ના હાજર પી.એસ.ઓ.શ્રીએ ગુન્હો દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા તે તપાસ અમોએ ડેપ્યુટ હુકમને આધારે સંભાળી લીધેલ જે આંક–૨૧ થી રજુ છે. બાદ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. બાદ તપાસના કામે મળેલ મુદામાલ એફ.એસ.એલ. અર્થે રવાનગીથી મોકલેલ આપેલ જે રવાનગી પત્રક આંક–૨૨ થી રજુ છે. બાદ આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરી નામ. કોર્ટ તરફ મોકલી આપેલ.

બચાવપક્ષની ઉલટ તપાસમા તેઓ એ હકીકતો કબુલે છે કે, કહેવાતો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જ્યાં માણસો તથા વાહનોની સતત અવરજવર ચાલું હોય છે. મને મળેલ તપાસના કામની ફરિયાદમાં અમો ક્યા વાહનમાં પટ્રોલીંગમાં હતા આવા કોઈ વાહનનો નંબર કે વર્ણન ફરિયાદમાં લખાવેલ નથી. મને મળેલ તપાસના કામની ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી.

## (૮) <u>ફરીયાદ તથા પુરાવાનું મુલ્યાકન :–</u>

આમ ફરીયાદપક્ષ દ્બારા રજુ કરવામા આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના ઇગ્લીંશ દારૂના કબ્જાના કેસમાં ફરીયાદપક્ષે પંચનામું એક અગત્યનો દસ્તાવેજ છે પરંતુ આ કામના મહત્વના સાહેદ પંચ કે જેઓએ પંચનામુ લખાવેલ નથી પરંતુ પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલ હોવાનું જણાય છે. વધુમાં આ પંચ સાહેદના પુરાવામાં પંચનામું કયારે શરુ કર્યુ, કયારે પુરૂ કરેલ તેમજ મુદામાલ કબ્જે કર્યાની વિગતો પણ જુબાનીમાં જણાય

આવતી નથી. આમ આ કામના મહત્વના સાહેદ પંચ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની પંચનામાની હકીકતો સાબીત થતી નથી. આ કામે ફરીયાદની હકીકત જોતા બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે. જે માણસોની અવર જવર વાળો વિસ્તાર હોવા છતા ફરીયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે સ્વતંત્ર સાહેદને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી.

આ કામે જોવા જઈએ તો, પંચનામાની હકીકતો પંચ સાહેદના મૌખિક પુરાવાથી પુરવાર થવી જોઈએ. આ કામે પુરાવો વંચાણે લેતા પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતોને સ્પષ્ટપણે સમર્થન આપેલ નથી. પંચનામુ સાબિત થતું નથી. આ કામે ફરીયાદી પોલીસ માણસ છે અને ફરીયાદી ફરીયાદપક્ષે હિત ધરાવનાર સાહેદ છે. આ સંજોગોમા પોલીસ સાહેદ સોંગદ પરના પુરાવાને સ્વતંત્ર સાહેદના સોંગદ ઉપરના પુરાવા રજુ થઈ સમર્થન મળવુ જરૂરી બને છે. બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. કબ્જે લેવાયેલ મુદામાલ ઈગ્લીંશ દારૂ હોય તો તે અંગેના તેમના ઉત્પાદકોના કોઈ નીવેદન લેવાયેલા નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લેતા આ કામના પંચ ફરી ગયેલ છે. તે પંચનામાને સમર્થન આપતા નથી. ઉપરાંત સદર પકડાયેલ મુદામાલ દારૂની બોટલ શીલબંધ હતી કે કેમ તે અંગેનો કોઇ પુરાવો ફરીયાદપક્ષ તરફે રેકર્ડ પર લાવવામા આવેલ નથી. સદર બોટલ શીલબંધ હતી તે અંગેનો પંચો રૂબરૂ પંચનામું કરી પંચોની સહીવાળી કાપલી મુદામાલમા મુકેલ તેની કોઈપણ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમા તે શીલબંધ જ દારૂની બોટલ હતી તે અંગેનો કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરવામા આવેલ નથી. આમ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા લક્ષમા લેતા આ કામના પંચ સાહેદ તેમની જુબાની દરમિયાન પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેમની સમગ્ર જુબાની દરમિયાન જણાવેલ નથી. તેમની

હાજરીમા કહેવાતો મુદામાલ પરપ્રાતીય ઇંગ્લીંશ દારૂ કબ્જે લેવામા આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી પાસેથી ગુજરાત પ્રોહિબીસન એક્ટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત પદાર્થ કે પાસ પરમીટ વગરનો દારૂ મળી આવેલ હોય તેમ શંકાથી પર સાબિત થતુ નથી.

નામદાર ગુજરાત હાઈકોર્ટના ગુલાબભાઈ રણછોડભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨ (૨) જી.એલ.એચ.(યુ.જે) પેજ નં.૧૧ તથા તા.૧૭/૦૪/૨૦૧૨ ક્રિમીનલ રિવિજન અરજી નં.૪૩૫/૨૦૦૩ દીલીપ સુરેશભાઇ સાણસી વિરુધ્ધ ગુજરાતના ચુકાદામાં જણાવ્યા મુજબ'' કલમ–૧૧૬બી હેઠળ અનુમાન પુરવાર કરવા માટે કબજે લેવામાં આવેલી શિલબંધ બોટલો પર ઓરીજનલ લેબલ તે બ્રાન્ડનું નામ અને તેની બનાવટ નિર્દેશ કરતુ હોવુ જોઈએ. ફરીયાદપક્ષે તે બ્રાન્ડ અને તે બ્રાન્ડની બનાવટ કરતી કંપનીના ઓરીજનલ લેબલ છે તે પુરવાર કરવુ પડે જો ફરીયાદપક્ષ તે પુરવાર કરવામાં નિષ્ફળ જાય એવુ અનુમાન કરી શકાય નહી કે આ બોટલો ઓરીજનલ છે અને કલમ ૧૧૬બી મુજબના તત્વો સંતોષાય નહી અને ૧૧૬બી હેઠળના અનુમાનની ગેરહાજરીમાં ફરીયાદપક્ષે કેમીકલ એનાલાઇઝરના રીપોર્ટથી પુરવાર કરવુ પડે કે, કબજે લેવામાં આવેલ મુદ્દામાલ દારુ હતો. ''નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ આ સિધ્ધાંત હાલના હાથ પરના કેસમા લાગુ પડે છે. ફરીયાદપક્ષ ધ્વારા કંપનીના કોઇ કર્મચારીઓના નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ ઓરીજનલ બોટલો હોવાના કોઇ કથન પુરવાર થતા નથી. જેથી પડેલ પુરાવો સાથે વંચાણે લેતા ફરીયાદપક્ષ કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

તપાસેલ પોલીસ સાહેદની જુબાની દ્વારા ફરિયાદીની હકિકતને સમર્થન કરે તે સ્વાભાવિક છે પરંતુ આ કામે ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં નામદાર ગુજરાત

હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં જ્યારે પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, ત્યારે પોલીસ ફરિયાદી તથા તપાસકર્તા અધિકારીના પુરાવા પર માત્ર આધાર રાખવો એ સલાહભર્યું ગણાય નહિ. વધુમાં તપાસવામાં આવેલ પંચની જુબાની ધ્યાને લેતાં તેઓએ આવી કોઈ પ્રોહીબીશન અંગેની કાર્યવાહીમાં ભાાગ લીધેલ હોય કે આવા કોઈ આરોપીની પોતાની હાજરીમાં પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરેલ હોય કે આરોપીની અટક કરેલ હોવાનુ જણાવેલ નથી. સમગ્ર હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકેલ નથી.

તાજેતરમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે *AMIN BIN MOHAMMED ARAB Versus STATE OF GUJARAT [R/CRIMINAL REVISION APPLICATION NO. 151 of 2012 Dated. 10.01.2024 ]* ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

*5.2 From a perusal of the material on record, it is revealed that both the Courts below have given improper reasons, de hors the very fundamental principle of criminal jurisprudence that unless a person is proved guilty, he / she is deemed to be innocent and therefore, it was the duty of the prosecution to lead cogent and credible evidence, since, conjectures and surmises cannot be made basis for conviction. Further, the evidence produced or led by the prosecution should prove its case beyound reasonable doubt, against the concerned accused person. Unfortunately, there is nothing on the record to show that the prosecution successfully proved that the shop, from which the bottles of IMFL were seized, belonged to the Revisionist. Further, the prosecution also does not appear to*

*have led any cogent evidence, so as to attract the presumption under Section 116B of the Prohibition Act and to believe that the bottles of IMFL contained original labels and their seals were in tact. In the considered opinion of this Court, there appears to be total non-application of mind on the part of the Courts below in applying the provisions of Section 106 and 114E of the Indian Evidence Act and to make the accused Revisionist to disprove the case of the prosecution. As stated above, conviction cannot be based solely on the evidence of police officials, who are interested witnesses and therefore, in absence of any independent witness or evidence, the orders passed by the Courts below cannot be sustained.*

(૯) વધુમાં ક્રિમીનલ જયુરીશ્યુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જ્યાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, જેથી મુદ્દા નં.૦૧ નો જવાબ "**નકાર**" માં ઠરાવી મુદ્દા નં.૦૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧) આ કામના આરોપી (૧) વિપુલભાઈ છનાભાઈ સારલા, રહે.સુરેન્દ્રનગર મુળચંદ રોડ માનવ મંદિર સામે, ચામુડા પરા, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર (૨) આબીદભાઈ હબીબભાઈ ખલીફા, રહે.ખેરવાગામ નવો પ્લોટ નાગડકા રોડ, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર વાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે તેની સામેના

ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) અપીલ સમય વિત્યા બાદ ઇંગ્લીશ દારૂનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩) હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ. ની કલક–૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુમક કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૬, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૦૬/૦૩/૨૦૨૬
સુરેન્દ્રનગર.

(પાર્થ મહાવીરસિંહ ઝાલા)
એડી.જ્યુડી.મેજી.ફ.ક.
સુરેન્દ્રનગર.
જીજે.૦૧૭૪૦

(સ્ટેનો : દર્શન એ. દેસાણી)